# પાલનપુર ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધા યોજાઈ

## ૧૨૦૦ થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો

પાલનપુર ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૧૨૦૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લઈ પોતાનું કૌવત દેખાડ્યું હતું.

ગુજરાત સરકારના ખેલ મહાકુંભ અંતર્ગત બનાસકાંઠા જિલ્લા કરાટે એશોશીઅશન અને સ્પોટ્ર્સ એકેડમીના માધ્યમથી પાલનપુર ખાતે કરાટે સ્પર્ધા યોજવામાં આવી છે. જિલ્લા કક્ષાની કરાટે ચેમ્પિયનશિપમાં ૧૨૦૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો છે. સરહદી બનાસકાંઠા જિલ્લાની છાત્રાઓ પણ આ સ્પર્ધામાં ભાગ લઈ રહી છે. ત્યારે જિલ્લામાં કરાટેને લઈને વધુમાં વધુ જાગૃતિ વિધાર્થીઓ સહિત વાલીઓમાં પણ આવી રહી છે.

બનાસકાંઠા જિલ્લાના સ્પર્ધકો ગત વર્ષે પણ ૩૦થી વધુ મેડલ સ્ટેટ લેવલે લાવી ચુક્યા છે. ત્યારે જિલ્લાના સ્પર્ધકો રાજ્ય અને રાષ્ટ્ર લેવલે વધુમાં વધુ મેડલ મેળવી જિલ્લાનું નામ રોશન કરે તેવો આશાવાદ કરાટે સેવી રહ્યા છે.

# કોંગ્રેસ સમિતિની બેઠકમાં ડીસા શહેર કોંગ્રેસ પ્રમુખની વરણી



ડીસા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ અમિત ચાવડાના આદેશના પગલે ડીસા તાલુકા શહેર કોંગ્રેસ સમિતિની બેઠક ડીસાની હિન્દૂ ધર્મશાળા ખાતે યોજાઈ હતી જેમાં આગામી થરાદ બેઠકની પેટાચૂંટણી સહિત સંગઠન અને આગામી કાર્યક્રમોની ચર્ચા વિચારણા કરાઈ હતી.

ત્યારબાદ નવીન હોદેદારોની નિમણુંક કરવામાં આવી હતી જેમાં ડીસા શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે શૈલેષ લાભાશકર વ્યાસની વરણી કરવામાં આવી હતી શૈલેષ વ્યાસ ડીસા શહેરમાં વર્ષોથી કોંગ્રેસના કાર્યકર્તા છે અને ખૂબ સારી કામગીરી પણ કરેલી છે અતિવૃષ્ટિ હોય કે અનાવૃષ્ટિ સહિત કોઈપણ આંદોલન હોય તેમણે હમેશા કોંગ્રેસના કાર્યકર તરીકે સક્રિય ભૂમિકા કરેલી છે ત્યારે ઘણા વર્ષો બાદ આજે તેમની શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે તેને સમગ્ર કોંગ્રેસના કાર્યકરો સહિત શહેર અને તાલુકા સમિતિએ આવકારી છે અને ડીસા શહેરમાં પણ એક હર્ષની લાગણી છવાઈ છે કે વર્ષો બાદ પણ એક સારા કર્મઠ અને અનુભવી કાર્યકરને આજે પાર્ટી એ પ્રમુખ તરીકે નિમણૂક આપતા ચોમેરથી એની પ્રશંસા થઈ રહી છે અને આગામી દિવસોની અંદર શૈલેષ વ્યાસ પક્ષનું સંગઠન મજબૂત બનાવી આગામી ચૂંટણીઓ થવાની છે એમાં પણ સક્રિય ભૂમિકા ભજવશે તેમ જણાવ્યું હતું આજે મળેલી બેઠકમાં કોંગ્રેસ ઉપાધ્યક્ષ અને પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ, પ્રકાશભાઈ ભારતીયા, પોપટજી દેલવાડિયા, પી.વી. રાજગોર ,મથુરજી ઠાકોર,મુકેશ સોલંકી સહિત કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# જમીનની છેતરપિંડી મામલે ડીસાના વેપારીની ફરિયાદ

## બે ઈસમો વિરુદ્ધ દક્ષિણ પોલીસ મથકે ગુનો દાખલ

ડીસા

ડીસા ખાતે રહેતા અને અમદાવાદ ખાતે જમીન લે વેચનો વ્યવસાય કરતા વેપારી એ અમદાવાદ ખાતે રહેતા અન્ય જમીન દલાલો સાથે મળી ભાગીદારી માં જમીન રાખેલ જે પેટે તેમને અન્ય જમીન દલાલને કેટલીક રકમ પણ ચૂકવી હતી જોકે બાદમાં આ જમીન આપનાર દલાલો ન તો જમીન બતાવી કે રૂપિયા પરત આપતા આ મામલે ડીસાના વેપારીએ આ ઈસમો વિરુદ્ધ ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની પોલીસ પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર ડીસા ખાતે રહેતા ચમનલાલ નારણજી સોલંકી અમદાવાદ ખાતે જમીન દલાલીનો વ્યવસાય કરે છે જેમણે જમીનની દલાલી કરતા ભૂરાભાઈ ચેહરા દેસાઈ અને ગોવિંદભાઈ દેસાઈ બન્ને રહે અમદાવાદ પાસેથી ભાગીદારીમાં ઘુમા અંમદાવાદ ખાતે જમીન રાખેલ છે જે જમીન પેટે તેમણે આ બન્નેને ૮૦૧૦૦૦ રૂપિયા આપેલા જે બાદ તેમણે આ જમીન બાબતે પૂછતા અવાર નવાર બહાના કાઢી જમીન કે પૈસા પરત ન આપતા તેમણે આ બાબતે ગત તારીખ ૧૨ /૯ / ૧૯ ના રોજ આ બન્ને ઈસમો ડીસા નીલકંઠ પ્લાઝાની ઓફિસ આવેલા અને મેં મજીયારી જમીન વિસે આપેલા નાણા પરત માંગતા આ બને ઈસમોએ કહલે કે શાના પૈસા અને શાની વાત ? કહી આવેશમાં આવી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી જતા રહેલ જેથી આ બાબતે ચમનલાલ સોલકીએ ડીસા દક્ષિણ પોલીસ મથકે આ બન્ને વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે

# અરવલ્લીમાં સાર્વત્રિક વરસાદથી જળાશયો અને તળાવો છલકાયા

મોડાસા, તા. ૧૫

ગુજરાતમાં મેઘો મહેરબાન થતા સાર્વત્રિક વરસાદથી ખેડૂતો સહીત પ્રજાજનોમાં આનંદ છવાયો છે. અરવલ્લી જીલ્લામાં સિઝનનો સો ટકાથી વરસાદ થતા ચોમાસાના પ્રારંભે તળિયા ઝાટક થયેલા જળાશયો અને સૂકાંભઠ બનેલા તળાવો છલકાતા પાણીનું સંકટ દૂર થતા જિલ્લાવાસીઓએ હૈયે હાશકારો અનુભવ્યો છે. જીલ્લાના જળાશયોમાં નવા નીરની આવક થતા ખેતી માટે શિયાળા-ઉનાળાની સિંચાઈની સુવિધા મળવાની આશા પેદા થતા ખેડૂતોમાં ચાલુ વર્ષે ખેતીમાં સારો પાક અને ત્રણે સીઝન લણી શકવાની સંભાવનાના પગલે ખુશી જોવા મળી રહી છે.

અરવલ્લી જિલ્લાના જળાશયોમાં નવા નીરની આવક થઈ રહી છે. જીલ્લાના વાત્રક ડેમમાં ૧૬૫૦૦ ક્યુસેક પાણીની આવક થતા ડેમની મુખ્ય સપાટી ૧૩૬.૨૫ મીટરથી બે મીટર દૂર છે. ડેમની હાલની સપાટી ૧૩૪.૩૮ મીટર પહોંચી છે. સાર્વત્રિક વરસાદથી માજુમ ડેમમાં ૨૦૦૦ ક્યુસેક પાણીની આવક



થતા ડેમ ઓવરફ્લો થવાની સંભાવનાના પગલે ડેમના ૨ દરવાજા ખોલી ૨૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. મેશ્વો ડેમ મહત્તમ સપાટી ૨૧૫.૫૯ મીટર ડેમની હાલની સપાટી ૨૧૪.૧૭ મીટર જળાશયનો જથ્થો પહોંચ્યો છે. લાંક, જવાનપુરા અને વૈડી ડેમમાં પાણીની અવાકથી ધરતી પુત્રો મલકાયા છે.

જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ૭૦૦ જેટલા સાર્વજનિક તળાવોમાં નવા નીરની આવકથી ગ્રામ્ય વિસ્તારોમાં કુવા, બોરમાં પાણીના તળ ઉંચા આવતા પીવાના પાણીની સમસ્યા સહીત ખેતીને પણ ફાયદો થશે. ખેડૂતો હાલ ખેતીકામમાં નિંદામણ, દવાનો છંટકાવ કરતા સીમાડાઓ ધમધમી ઉઠ્યા છે.

# “કૃપા કરીને સાંભળો” : અરવલ્લી પોલીસે માઈકથી એનાઉન્સ કર્યું

## ટ્રાફિકના કડક નિયમો નાણાકીય લાભ માટે નહિ પણ લોકોની સલામતી અને સુરક્ષા માટે






મોડાસા

દેશમાં નવો મોટર વ્હિકલ એકટ લાગૂ થયા બાદ ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરવા પર દંડ ખૂબ વધી ગયો છે. આ સિવાય વાહન ચાલકોના મગજમાં એક ટેન્શન ચાલાનની ચૂકવણીને લઈ છે. અરવલ્લી ટ્રાફિક પોલીસે નવતર પ્રયોગ હાથધરી મોડાસા શહેરના જાહેર સ્થળોએ વાહન ચાલકો અને પ્રજાજનોમાં જાગૃતિ માટે માઈકમાં એનાઉન્સ કરી ટ્રાફિકના નવા નિયમોના નિયમન માટે સહયોગ આપવા જણાવ્યું હતું

અરવલ્લી જીલ્લા ટ્રાફિક પોલીસે ૧૬ સપ્ટેમ્બર થી લાગુ થનાર ટ્રાફિકના નવા નિયમોની નિયમન માટે મોડાસા શહેરના વિવિધ સ્થળોએ ટ્રાફિકવાન સાથે પહોંચી માઈકમાં એનાઉન્સ કરી વાહનચાલકોને નિયમો અંગે ઉજાગર કરી “સરકારે મોટર વિહકલ અધિનિયમની જોગવાઈમાં સુધારો કરવામાં આવ્યો છે એ લોકોને ખોટી રીતે હેરાનગતિ થાય તે માટેનો કે નાણાકીય લાભ માટે નહિ પરંતુ ટ્રાફિકના નિયમન થકી લોકોની સલામતી અને સુરક્ષાનો” છે તેવી જાહેરાત કરી હતી. અરવલ્લી ટ્રાફિક પોલીસે વાહનચાલકોએ ટ્રાફિકના નિયમોનું પાલન કરી પોતાની અને અન્યોની સલામતી અને સુરક્ષાના જાહેરહિતના કાર્યમાં સહયોગ આપવા પણ અનુરોધ કર્યો હતો.

# આગડોલમાં દિવ્યાંગ દંપતીના ખેતરમાંથી લીલા ઝાડો કપાયા

## ડીસા રૂરલ પોલીસ મથકે ચાર ઈસમો વિરુદ્ધ રજુઆત





ડીસા

ડીસા તાલુકાના આગડોલ ગામે બંને પગે અપંગ દંપતીના ખેતરમાં ઉભેલા લીલા ઝાડો કાપી જેસીબીથી એરંડાના વાવેતરને પણ વ્યાપક નુકશાન કરાયું હોવાના આક્ષેપ સાથે દંપતીએ ચાર ઈસમો વિરુદ્ધ રૂરલ પોલીસ મથકે રજુઆત કરી ન્યાયની અરજ ગુજારી છે.

આગડોલ ગામના દિવ્યાંગ દંપતી રબારી ઈશ્વરભાઈ નાગજીભાઈ અને તેમના પત્ની ગીતાબેન ગામમાં આવેલા ખેતરમાં ખેતી કરી ગુજરાન ચલાવે છે.જેમની બાજુમાં રસ્તો છોડી રબારી વાહજીભાઈ હમીરભાઈનું ખેતર આવેલ છે.

ગતરોજ દિવ્યાંગ દંપતી ડીસા ગયું હતું ત્યારે વાહજીભાઈ રબારીએ તેમના પુત્ર અને અન્ય બેની મદદથી તેમના ખેતરની હદમાં ઉભેલા ૩૦ થી ૪૦ જેટલા લીલા ઝાડો જેસીબીથી કાપી એરંડાના વાવેતરને પણ મોટું નુકસાન કર્યું હતું જેની જાણ થતાં આ દંપતી આગડોલ પહોંચી ગયું હતું અને વૃક્ષ છેદન અંગે કહેવા જતા ઉલટાનું તેમણે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી તેથી ફફડી ઉઠેલ દંપતીએ રૂરલ પોલીસ મથકે આ મામલે રજુઆત કરી પુરાવાનો નાશ થઈ જાય તે પહેલાં પગલાં ભરવા ન્યાયની ગુહાર લગાવી હતી.

# વડાગામની માઝુમ નદીમાં યુવક ડૂબતા ભારે ચકચાર

## નદીમાં ન્હાવા પડેલ ૨૧ વર્ષીય યુવકનો ૨૦ કલાકની ભારે જહેમત બાદ મૃતદેહ મળ્યો

વડગામ, તા. ૧૫

અરવલ્લી જીલ્લામાં પાણીમાં ડૂબી જવાની ઘટનાઓમાં ચોમાસામાં ૧૦થી વધુ લોકો પાણીમાં ડૂબવાની ઘટનામાં મોત નીપજ્યું છે.





સતત નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. જીલ્લામાં સાર્વત્રિક વરસાદના પગલે નદી, નાળા, તળાવ બે કાંઠે થતા પ્રજાજનો પાણીમાં નાહવાની માજા માણવા લલચાતા ચાલુ

ધનસુરા તાલુકાના વડાગામ નજીકથી પસાર થતી માઝુમ નદીમાં ગામના ત્રણ યુવકો નાહવા જતા ત્રણમાંથી એક યુવક નદીમાં ડૂબી જતા ભારે ચકચાર મચી હતી. મોડાસા અને બાયડ નગરપાલિકાની ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી પરંતુ તરતા આવડતું ન હોવાથી સ્થાનિક તરવૈયાઓની મદદ લઈ શોધખોળ હાથ ધરી હતી. ૧૫ કલાકથી વધુના સમય થવા છતાં યુવકનો મૃતદેહ શોધવામાં નિષ્ફળ રહેતા સ્થાનિકોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો. વહીવટીતંત્રએ આખરે હિંમતનગર ફાયરબ્રિગેડના તરવૈયા બોલાવતા હિંમતનગરના તરવૈયાઓ ભારે શોધખોળ હાથ ધરી ૨૦ કલાક પછી મૃતક યુવકની લાશ હાથ લાગતા ધનસુરા પોલીસે લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શનિવારે સાંજના સુમારે, વડાગામ ગામના અજયભાઈ શૈલેષભાઈ ખાંટ, જયેશભાઈ જગદીશભાઈ ખાંટ અને પ્રકાશભાઈ રમણભાઈ ખાંટ નામના ત્રણે મિત્રો વડાગામ નજીકથી પસાર થતી માઝુમ નદીમાં નાહવા જતા અજય નામનો યુવક નદીમાં ડૂબી જતા બંને યુવકોએ બુમાબુમ કરતા આજુબાજુથી લોકો અને પરિવારજનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. નદીમાં યુવકના ડૂબવાની ઘટનાના પગલે વહીવટી તંત્ર પોલીસતંત્ર અને વડાગામ સરપંચ સહીત પહોંચ્યા હતા ૨૦ કલાકની ભારે જહેમત પછી હિંમતનગર ફાયરબ્રિગેડ ટીમે અજયભાઈ શૈલેષભાઈ ખાંટ (ઉં.વર્ષ-૨૧)ની લાશ નદીમાંથી શોધી કાઢવામાં સફળતા મળતા પરિવારજનોએ આક્રંદ કરી મૂક્યું હતું. પરિવારજનોએ તેના સાથે રહેલા બંને મિત્રો મૃતક અજયના ડૂબવા પાછળ જવાબદાર હોવાનો આક્ષેપ કર્યો હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

ધનસુરા પોલીસે સ્થળપર પંચનામું કરી મૃતક યુવક અજયની લાશને પીએમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પાલનપુરમાં રિક્ષાચાલકો આકરા પાણીએ : પોલીસ ટાર્ગેટ કરશે તો ચક્કાજામની ચિમકી

## બેઠકમાં વિશાળ સંખ્યામાં રિક્ષા ચાલકો હાજર રહ્યા



પાલનપુર

ગુજરાત સરકાર દ્વારા આર.ટી.ઓ.ના નવા નિયમો લાગુ કરવામાં આવ્યા છે. જેમાં રિક્ષાઓ માટે લગાવવામાં આવેલા કમરતોડ વધારા સામે રિક્ષા ચાલકોએ વિરોધનું બ્યુગલ ફૂંક્યુ છે. ત્યારે જો પાલનપુરમાં પોલીસ દ્વારા રિક્ષા ચાલકોને ટાર્ગેટ કરવામાં આવશે તો ચક્કાજામ કરવામાં આવશે. તેવો નિર્ણય પાલનપુર ખાતે રવિવારે રિક્ષા ચાલકોના એસોસિએશન દ્વારા મળેલી બેઠકમાં લેવાયો હતો.

પાલનપુર ખાતે રવિવારે બનાસકાંઠા ઓટો રિક્ષા સંઘર્ષ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં રિક્ષા ચાલકો ઉપસ્થિત રહી ગુજરાત સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલા રિક્ષાઓના દંડને ફગાવી દીધો હતો. આ અંગે રિક્ષા એસોસિએશનના પ્રમુખ સાજીદભાઈ મકરાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા આર. ટી. ઓ.ના નવા નિયમો લાગુ કરવામાં આવ્યા છે. જેમાં રિક્ષાઓ માટે લગાવવામાં આવેલો દંડ અન્યાયી છે. જેમાં સુધારો કરવામાં આવે તેવી માંગણી કરાઈ છે. છતાં જો પાલનપુરમાં પોલીસ દ્વારા રિક્ષા ચાલકોને ટાર્ગેટ કરવામાં આવશે તો ચક્કાજામ કરવામાં આવશે. તેવો નિર્ણય પાલનપુર ખાતે રવિવારે રિક્ષા ચાલકોના એસોસિએશન દ્વારા મળેલી બેઠકમાં લેવાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બે દિવસ અગાઉ પણ રિક્ષા એસોસિએશનના હોદેદારોએ દંડ સહિતના મુદ્દે જિલ્લા કલેકટર કચેરીએ આવેદનપત્ર આપ્યું હતું.

### સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકા આગીયા ગામે

# ૧૫ માસથી દબાણ દૂર ન કરતા અરજદારની દવા પીવાની ચીમકી

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેડબ્રહ્મા તાલુકાના આગિયા ગામમાં છેલ્લા ૧૫ માસથી રસ્તા પરનું પાકું દબાણ દૂર કરવા વારંવાર અરજીઓ કરવા છતાં કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા અરજદારે ગત શનિવારના રોજ ટી.ડી.ઓ. ને અરજી કરી સત્વરે દબાણ દૂર કરવામાં નહીં આવે તો દવા પી જવાની ચીમકી ઉચ્ચારી છે.

ખેડબ્રહ્મા તાલુકાના આગિયા ગામના રહીશ જીવાભાઈ સોમાભાઈ વણકરના ઘર પાસે પંચાયતનો રસ્તો આવેલ છે. આ રસ્તા આગળ પાણીના નિકાલ માટેની જગ્યા આવેલ છે. પરંતુ આ રસ્તા ઉપર જીવાભાઇના પાડોશી દેવાડા જશવંતસિંહ જેતુસિંહ અને ભામ્ભી વજાભાઈ હીરાભાઈ એ રસ્તા ઉપર પાકુ દબાણ કરી દીધું છે. જેના કારણે જીવાભાઈના ઘર આગળ પાણી ભરાઈ રહે છે. મચ્છરજન્ય રોગોનો ઉપદ્રવ વધી ગયો છે. વધુ વરસાદમાં ઘરમાં પાણી ભરાઈ જાય છે.

આ અંગે જીવાભાઈએ ૨૯ જૂન ૨૦૧૮ના રોજ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં રજુઆત કરી હતી અને ૮ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ જીલા વિકાસ અધિકારી હિંમતનગરને પણ અરજી કરવમાં આવી હતી. જેમાં દબાણકારોએ રસ્તા પર પાકું દબાણ કરી રસોડું બનાવી દીધું છે અને દબાણ કરનાર ભામ્ભી વજાભાઈનો દીકરો ભરતભાઈ પંચાયતમાં કારોબારી સભ્ય હોઈ પંચાયત દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. આ અંગે જીવાભાઈ દ્વારા ૯ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ કલેક્ટરને રજુઆત કરવમાં આવી હતી.

ત્યારબાદ જીવાભાઈ આગિયા તલાટી અને ખેડબ્રહ્માના તત્કાલીન ટી.ડી.ઓ. દ્વારા રૂ. ૨૫૦૦૦ની માગણી કર્યા અંગે લાંચ રૂશ્વત કચેરીને પણ અરજી કરી હતી. આટલી બધી કાર્યવાહી કરવા છતાં પંચાયત દ્વારા દબાણ દૂર કરવમાં ન આવતા જીવાભાઈએ ૭ સપ્ટેમ્બરના રોજ ખેડબ્રહ્માના નવા ટીડીઓને મળતા તેમને ફરી અરજી કરવાનું જણાવતા જીવાભાઈએ અરજી કરી સત્વરે દબાણ દૂર કરવમાં નહીં આવે તો દવા પી જવાની ચીમકી ઉચ્ચારી હતી.

**પાડોશીએ રસ્તા ઉપર પાકું દબાણ કરી દીધું હોવાથી ઘર આગળ પાણી ભરાઈ રહે છે : મચ્છરજન્ય રોગોનો ઉપદ્રવ વધી ગયો છે : વધુ વરસાદમાં ઘરમાં પાણી ભરાઈ જતું હોવાની ફરિયાદ ઉઠવા પામી છે**

# પ્રાંતિજ ખાતે જાયન્ટસ ગૃપ દ્વારા ફ્રી નિદાન ચેકઅપ કેમ્પ યોજાયો



પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે જાયન્ટસ ગૃપ ગોલ્ડ દ્વારા ફ્રી નિદાન ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૭૦ જેટલા દર્દીઓને કેમ્પમાં લાભ લીધો હતો.

પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ ગાયત્રી હોસ્પિટલ ખાતે પ્રાંતિજ જાયન્ટસ ગૃપ તથા રેસ કિંગ કલીનીક એશિયન ડેરિયાટ્રિક્સ હોસ્પિટલ દ્વારા આયોજિત જાડાપણું તથા ઘુંટણ અને સાંધાનો દુખાવો, બ્લડપ્રેશર, ડાયાબીટીશ સહિતનો નિઃશુલ્ક તપાસ ચેકઅપ કેમ્પ યોજાયો હતો જેમાં સંજય પટોલિયા બેરિયાટ્રિક્સ અને જીઆઈ સર્જન તથા ડાૅ. ધીરજ મરોઠી જૈન, ડાૅ. પ્રવીન નંદવાના સહિતના ડોક્ટરોએ ઉપસ્થિત રહીને ફ્રી સેવા આપી હતી. આ પ્રસંગે ડાૅ. એન. કે. ડેરિયા, મહંત સુનીલદાસજી મહારાજ, નગરપાલિકા પૂર્વ પ્રમુખ નિરવભાઈ પરીખ, જાયન્ટસ પ્રમુખ નિખિલભાઈ સુખડિયા, વજેશભાઈ ભાવસાર, જાયન્ટસ મંત્રી હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ, ગૌતમભાઈ ભાવસાર, જમનાદાસ વકીલ, રાજુભાઈ શાહ, મિતેશભાઈ શાહ, પિયુષભાઈ શાહ સહિતના જાયન્ટસ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પમાં ૧૭૦ જેટલા દર્દીઓએ નિઃશુલ્ક લાભ લીધો હતો.